જન્મદિને વધામણી

મહેન્દ્ર એમ ત્રિવેદી
અધ્યાપક, નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ કો-ઓપરેટિવ મેનેજમેન્ટ
કોલમિસ્ટ, ગાંધીનગર સમાચાર
મો. ૯૯૨૪૫ ૪૯૭૪૯

મનહરસિંહ
આશાપુરા જલસેવા

રાજવીરસિંહ ઈન્દ્રસિંહ બિહોલા
મો. ૭૮૭૪૮ ૬૦૭૮૧

પારૂલ મેહુલ પટેલ
મો. ૯૮૭૯૮ ૧૨૧૧૧

ચંદાબેન યાદવ
પૂર્વ પ્રમુખ, લાયોનેસ ક્લબ

પ્રજ્ઞાબેન ઠક્કર
પૂર્વ પ્રમુખ, લાયોનેસ ક્લબ

સ્મીત એસ. પટેલ
મો. ૯૮૨૪૧ ૩૨૩૪૪

શારીરિક-માનસિક વિશિષ્ટ વ્યક્તિઓ માટે આજે શહેરમાં 'બાળુડાના ગરબા' કાર્યક્રમ

૨૦૦ વિશિષ્ટ સાથે ૭૦૦ સામાન્ય વ્યક્તિઓ લાયન્સ ક્લબ ગરબા ગ્રાઉન્ડ ખાતે ગરબા રમશે

ગાંધીનગર, તા. ૨૪

શારીરિક-માનસિક વ્યક્તિઓ માટે યોજાતા વિશિષ્ટ ગરબા કાર્યક્રમ 'બાળુડાના ગરબા'નું આયોજન સોમવારે લાયન્સ ક્લબ ગરબા ગ્રાઉન્ડ, ચ-૩ ખાતે કરવામાં આવ્યું છે.

લાયન્સ ક્લબ ઑફ ગાંધીનગરના પ્રમુખ નયન મધુકર અને સેક્રેટરી શૈલેષ પટેલે આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે નગરની અનેક શૈક્ષણિક-સામાજિક સંસ્થાઓ, વ્યક્તિઓના સંવેદનશીલ સહકારથી જી ઈ ક્લબ, ગ્રો ફાઉન્ડેશન અને સાધના દ્વારા શારીરિક-માનસિક વિશિષ્ટ વ્યક્તિઓ માટેના ખાસ ગરબા ઉત્સવ 'બાળુડાના ગરબા'નું આયોજન ૨૦૦૪થી પ્રતિવર્ષ નવરાત્રી પર્વ દરમ્યાન કરવામાં આવે છે. એ જ રીતે આ વખતે ૧૩મા વર્ષે પણ 'બાળુડાના ગરબા' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૨૫ સપ્ટેમ્બર ને સોમવારે લાયન્સ ક્લબ ગરબા ગ્રાઉન્ડ ખાતે સાંજે પાંચથી સાત કલાક દરમ્યાન આ કાર્યક્રમ યોજવામાં આવશે, જેમાં માનવસ્મૃતિ શાળા, સરગાસણ, સમર્પણ મૂક-બધિર શાળા, સેક્ટર-૨૮, અંધ શાળા, સેક્ટર-૧૬, સદ્‌ભાવ માનસિક સ્વાસ્થ્ય કેન્દ્ર, સેક્ટર-૧૩, સ્મૃતિવિકાસ શાળા, પ્રાંતિયા, હેત ફાઉન્ડેશન, સેક્ટર-૭, સંવેદન, સેક્ટર-૬, સદવિચાર પરિવાર-ઉવારસદ, અંબા ઍન્જલ્સ-અડાલજ, સર્વ સિક્ષા અભિયાન, રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન અંતર્ગતનાં તાલીમી વિશિષ્ટ બાળકો ઉપરાંત ગાંધીનગર જિલ્લામાં વસતા વિશિષ્ટ વ્યક્તિઓ ભાગ લેશે. વિશિષ્ટ વ્યક્તિઓ સાથે સામાન્ય વ્યક્તિઓ પણ ગરબામાં જોડાય એ આ કાર્યક્રમની વિશેષતા અને ક્રમ છે, જે આ વખતે પણ જળવાઈ રહ્યો છે. વિશિષ્ટ વ્યક્તિઓની સાથે ગરબા રમવા માટે શ્રી અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ, પ્રેરણા વિદ્યાલય, શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના વિદ્યાર્થીઓ, સદ્‌વિચાર પરિવાર-ઉવારસદ, પ્લગ-ઈન્સ ઍન્ટરટેઈનમેન્ટ્સ અને ફોરમોસ્ટ ગ્રૂપના સભ્યો પણ સપરિવાર જોડાશે. સરવાળે, ૨૦૦ વિશિષ્ટ અને ૭૦૦થી વધુ સામાન્ય વ્યક્તિઓ સાથે મળીને આ ગરબા મહોત્સવમાં ભાગ લેશે.

વિશિષ્ટ વ્યક્તિઓને સમાન તક આપવાના આ પ્રયાસને બળ આપવા માટે નગરની સૌ સેવાભાવી સંસ્થાઓ, વ્યક્તિઓને આ ગરબા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આયોજકો તરફથી હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સે. ૧૬ની મહાત્મા ગાંધી વિદ્યામંદિર સ્પેશિયલ ખેલ મહાકુંભમાં ઝળકી

ગાંધીનગર, તા. ૨૪

તાજેતરમાં આયોજિત સ્પેશિયલ ખેલ મહાકુંભમાં મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સેક્ટર-૧૬માં અભ્યાસ કરતા દિવ્યાંગ વિદ્યાર્થીઓ જોડાયા હતા, જેમણે વિજેતા ક્રમ મેળવી શાળાનું નામ રોશન કર્યું હતું.

વિદ્યાર્થી રાકેશ દશરથજી ઠાકોરે ૧૦૦ મીટર દોડમાં દ્વિતિય, જગદીશ બાદરસિંગ મકવાણાએ લાંબી કૂદમાં દ્વિતિય અને ૧૦૦ મીટર દોડમાં તૃતિય, લક્ષ્મી નાનુભાઈ ભરવાડે ચક્કેંકમાં તૃતિય અને માયા અરજણભાઈ ભાગોરાએ લાંબીકૂદમાં દ્વિતિય ક્રમનું વિજેતાપદ પ્રાપ્ત કર્યું હતું. આ તમામ વિજેતા વિદ્યાર્થીઓને આચાર્ય જી જે ગઢવી અને વિશિષ્ટ શિક્ષક વર્ષા લખતરીયા તરફથી સમગ્ર શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

મનોરંજન

સિટી પ્લસ

સ્ક્રીન-૨
ભૂમિ
૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૩
કિંગ્સમૅન : ધ ગોલ્ડન સર્કલ (એ) (અંગ્રેજી, ૨ડી)
૧.૦૦, ૭.૦૦
કિંગ્સમૅન : ધ ગોલ્ડન સર્કલ (એ) (હિન્દી, ૨ડી)
૪.૦૦, ૯.૪૫

સ્ક્રીન-૪
બી એ પાસ-૨ (એ)
સવારે ૧૦.૦૦
સિમરન
૧૨.૩૦
ધ ફાઈનલ ઍક્ઝિટ
૩.૦૦, ૭.૩૦
શુભ મંગલ સાવધાન
૫.૧૫
લખનઉ સેન્ટ્રલ
૯.૪૫

સ્ક્રીન-૫
ભૂમિ
૧૨.૦૦
હસીના પારકર
૨.૩૦, ૭.૪૫, ૧૦.૦૦
લખનઉ સેન્ટ્રલ
૫.૦૦

જિલ્લા ખેલ મહાકુંભ સ્પર્ધાઓમાં ગાંધીનગર તાલુકો અવ્વલ સ્થાને

ગાંધીનગર, તા. ૨૪

તાલુકાના ચિલોડા સ્થિત ઓમ લેન્ડમાર્ક સ્કૂલ ખાતે ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લાકક્ષાની બહેનોની કબડ્ડી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં જિલ્લાના ચારેય તાલુકામાંથી આવેલી બહેનોએ અન્ડર-૧૪, અન્ડર-૧૭ અને ઓપન વિભાગમાં ભાગ લીધો હતો. ત્રણેય વિભાગમાં ગાંધીનગર તાલુકાની ટીમોએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન ચિલોડા સ્કૂલના વ્યાયામ શિક્ષક પ્રિતેશભાઈ પટેલની રાહબરી હેઠળ કરવામાં આવ્યું હતું. ગાંધીનગર તાલુકામાં કોચ તરીકે કામગીરી સંભાળનાર જશુભાઈ ચૌધરી, દલસંગભાઈ ચૌધરીએ આ પ્રસંગે ઉપસ્થિત રહી ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

જિલ્લાકક્ષાના સ્પેશિયલ ખેલ મહાકુંભમાં લીંબોદરા હાઈસ્કૂલની વિદ્યાર્થીની ઝળકી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાની સ્પેશિયલ ખેલ મહાકુંભ સ્પર્ધા સેક્ટર-૧૫ કૉલેજ ગ્રાઉન્ડ ખાતે યોજાઈ હતી.

આ સ્પર્ધામાં શ્રી પી પી આર શાહ હાઈસ્કૂલ, લીંબોદરાની દિવ્યાંગ બાળા તન્વી કમલેશભાઈ પટેલે ૧૦૦ મીટર દોડમાં પ્રથમ અને સંજય પોપટભાઈ દત્તે ચક્કેંકમાં બીજું સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધાર્યું હતું. બંને બાળકોને શાળાના વ્યાયામ શિક્ષક વિશાલ થોરાત દ્વારા તાલીમ આપવામાં આવી હતી. શાળા પરિવારે બંને બાળકોને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

રેડિયન્ટ સ્કૂલ ઑફ સાયન્સમાં હિન્દી દિવસ નિમિત્તે વ્યાખ્યાનો

સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઑફ સાયન્સ ખાતે તાજેતરમાં હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસે શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને હિન્દી ભાષાનું મહત્ત્વ સમજાવતાં પ્રેરણાત્મક વક્તવ્યો રજૂ કરવામાં આવ્યાં હતાં. મૅનેજમૅન્ટ, શૈક્ષણિક, બિન શૈક્ષણિક સ્ટાફ અને તમામ વિદ્યાર્થીઓએ સમગ્ર દિવસ દરમિયાન શાળામાં હિન્દી ભાષાનો જ ઉપયોગ કરી રાષ્ટ્રભાષા હિન્દીને સન્માન આપવાનો સફળ પ્રયાસ કર્યો હતો. શાળા મૅનેજમૅન્ટે તમામને હિન્દી દિવસ નિમિત્તે શુભકામનાઓ પાઠવી રાષ્ટ્રભાષાનું માન જળવાઈ રહે એવા ઘનિષ્ટ પ્રયાસો કરવાનો આગ્રહ કર્યો હતો.

ફિઝિયો-નર્સિંગની મેનેજમેન્ટની બેઠકો માટે ૨૫મી સુધી ફોર્મ વિતરણ

ગાંધીનગર, તા. ૨૪

પેરામેડિકલમાં હાલમાં પહેલા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે. બીજીબાજુ સ્વનિર્ભર કોલેજ સંચાલકો પૈકી ફિઝિયોથેરાપી અને બીએસસી નર્સિંગના સંચાલકોએ તા.૨૧મીથી મેનેજમેન્ટ કવોટાની બેઠકો માટે ફોર્મ વિતરણ કરવાની જાહેરાત કરી હતી. આ તારીખમાં ફેરફાર કરીને તા.૨૨મીથી ૨૫મી સુધી ફોર્મ વિતરણ કરવાનું નક્કી કરાયું હતું. વિદ્યાર્થીઓ દરેક કોલેજો પરથી મેનેજમેન્ટ કવોટાની બેઠકો માટેના ફોર્મ મેળવી શકે છે. આ ઉપરાંત પ્રવેશ સમિતિ ગાંધીનગર ખાતેથી પણ ફોર્મ વિતરણ ચાલુ કરવામાં આવ્યું છે.

સ્વનિર્ભર કોલેજ સંચાલકોએ પોતાની મેનેજમેન્ટ કવોટાની બેઠકો જાતે ભરવા માટે હાઈકોર્ટમાં રિટ કરી હતી. જેમાં હાઈકોર્ટે મેનેજમેન્ટ કવોટાની બેઠકો ભરવાની સત્તા કોલેજ સંચાલકોની સોંપી દીધી હતી. સ્વનિર્ભર બી.એસસી નર્સિંગ અને ફિઝિયોથેરાપીના સંચાલકો મેનેજમેન્ટ કવોટાની બેઠકો માટે ફોર્મ વિતરણની તા.૨૧મી જાહેર કરી હતી. પછી આ તારીખ બદલવામાં આવી હતી. હવે, તા.૨૫મી સુધીમાં વિદ્યાર્થીઓ ફોર્મ પરત કરવાના રહેશે. જો કે, હજુ સુધી આગળનો કાર્યક્રમ જાહેર કરાયો નથી. સૂત્રો કહે છે પ્રવેશ સમિતિ દ્વારા સ્વનિર્ભર કોલેજ સંચાલકોને મેનેજમેન્ટ કવોટાની બેઠકો ભરવા માટે અલ્ટીમેટમ આપી દેવાયું છે.

ઍમબીએ-ઍમસીએમાં ૫૫૬૦ બેઠકો સીમેટ વિના જ ભરવી પડી

ગાંધીનગર, તા. ૨૪

એમબીએ-એમસીએમાં પ્રવેશ માટે સીમેટ એટલે કે કોમન મેનેજમેન્ટ એપ્ટિટ્યૂડ ટેસ્ટ લેવામાં આવે છે. ચાલુ વર્ષે ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયામાં સીમેટ આપી હોય તેવા ૩૩૩૩ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો હતો. ખાલી પડેલી બેઠકો માટે સીમેટ આપી ન હોય તેવા વિદ્યાર્થીઓ માટે નવેસરથી ઓફલાઈન પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. જેમાં અંદાજે ૫૫૬૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો હતો. હવે સીમેટનું કોઈ મહત્વ ન રહેતા આ કોર્સમાં સીમેટ રદ કરી દેવામાં આવે તેવી શકયતા છે.

એમબીએની ૯૮૭૦, એમસીએની ૫૪૭૦ અને લીટરલની ૬૯૬૯ મળીને કુલ ૨૨૩૦૯ બેઠકો માટે સીમેટ લેવામાં આવી હતી. પહેલા તબક્કામાં ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયામાં ત્રણે કોર્સમાં મળીને મેનેજમેન્ટ કવોટામાં ૨૭૬, જમ્મુ-કશ્મીર કવોટામાં ૪૦ અને ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયામાં ૩૩૩૩ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો હતો. મોટા પ્રમાણમાં બેઠકો ખાલી પડતાં ઓફલાઈન અને સીમેટ આપી ન હોય તેવા વિદ્યાર્થીઓને પણ પ્રવેશ આપવાનું નક્કી કરાયું હતું. તાજેતરમાં આ પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. જેમાં ૫૫૬૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો હતો. એટલે કે સીમેટ આપી હોય તેના કરતાં સીમેટ આપ્યા વગર પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા વધી ગઈ છે. સીમેટ વગર એમસીએમાં ૫૬૨, એમબીએમાં ૫૪૪૯ અને લીટરલમાં ૨૧૯૮ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો હતો. આમ, જે બેઠકો ભરાઈ છે તેમાંથી ૭૦ ટકા બેઠકો સીમેટ આપી ન હોય તેવા વિદ્યાર્થીઓથી ભરવી પડી છે. આ સ્થિતિમાં હવે એમબીએ-એમસીએ માટે સીમેટ એટલે કે એન્ટ્રન્સ ટેસ્ટ રાખવાનો કોઈ અર્થ રહેતો નથી. સંચાલકો કહે છે, ચાલુ વર્ષે થયેલી પ્રવેશ પ્રક્રિયાની વિગતો સાથે કાઉન્સિલને રજૂઆત કરીને આગામી વર્ષથી સીમેટ દૂર કરવાની માંગણી કરવામાં આવશે.

અકિંચન બાળકોને એક દિવસ આઈઆઈટીમાં અભ્યાસ કરાવાશે

ગાંધીનગર, તા. ૨૪

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદના વિદ્યાર્થીઓ દ્વારા 'પ્રયાસ' અંતર્ગત જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ભણાવવા અને તેમને આઈઆઈએમના સંકુલની મુલાકાત આપવા જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. તેમાં ખાસ કરીને 'ડે એટ આઈઆઈએમ' એ બહારના વિદ્યાર્થીઓને આઈઆઈએમ અમદાવાદની અંદર લાવીને કેમ્પસના જીવન અને તેમાં શિક્ષણ અંગે માહિતી આપવામાં આવે છે. તેના ભાગરૂપે રજી ઓક્ટોબરે 'ડે એટ આઈઆઈએમ' યોજાશે. તેમાં આઈઆઈએમમાં અભ્યાસ કરતા પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓથી લઈને પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ સુધીની માહિતી આપવામાં આવશે. ત્યાર બાદ આઈઆઈએમના ત્રણ પ્રોફેસર દ્વારા લેક્ચર આપવામાં આવશે. જેમાં આઈઆઈએમની શિક્ષણ પદ્ધતિઓ અને વિવિધ અભ્યાસક્રમ વિશે વાત થશે. તે ઉપરાંત કેમ્પસ ખાતે બાળકોને વિવિધ જ્ઞાનવર્ધક પ્રવૃત્તિઓ કરવામાં આવશે. પ્રયાસ દ્વારા દર વર્ષે જોય ઓફ ગીવીંગ વીકનું આયોજન થાય છે, તેના ભાગરૂપે 'અ ડે એટ આઈઆઈએમ' યોજાશે. પ્રયાસ દ્વારા ૨૦૧૧થી આ પ્રવૃત્તિ કરવામાં આવે છે. જેમાં ગયા વર્ષે લગભગ ૭૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેના માટે લેવામાં આવતી રજિસ્ટ્રેશન ફીનો ઉપયોગ પ્રયાસ દ્વારા જરૂરિયાતમંદ બાળકોને આપવામાં આવતા શિક્ષણ માટે થશે. હાલ ૧૦૦ બાળકો શિક્ષણ લઈ રહ્યા છે. પ્રયાસના કોર્ડીનેટર સિદ્ધાર્થ વોરાએ જણાવ્યુ કે, 'આઈઆઈએમ કેમ્પસ પરનું જીવન અને માહોલ જોવાની આ એક અનોખી તક છે. એવું નથી કે, અમારી પાસે માત્ર આ પ્રકારની બી સ્કૂલમાં પ્રવેશ મેળવવા માગતા વિદ્યાર્થીઓના જ રજિસ્ટ્રેશન થાય છે, પરંતુ આ પ્રોગ્રામ હેઠળ અલગ અલગ પ્રોફેશનલ્સ પણ આવે છે, જેમણે અન્ય આઈઆઈએમમાંથી ડીગ્રી મેળવી હોય.'

ઍસ જ સ્કૂલનું ગૌરવ ખેલ મહાકુંભ લોન ટેનિસ સ્પર્ધામાં ઝળક્યું

ગાંધીનગર, તા. ૨૪

ઍસ જી અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ-૬ના વિદ્યાર્થી સ્મિત પટેલે ખેલ મહાકુંભ અંતર્ગત લોન ટેનિસ સ્પર્ધામાં જિલ્લાકક્ષાએ પ્રથમ ક્રમનું વિજેતાપદ મેળવીને રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પોતાની પસંદગી નિશ્ચિત કરી હતી. વ્યાયામ શિક્ષક ચંદ્રેશભાઈ અને આચાર્ય મિલિ સિંઘે સ્મિત પટેલને બિરદાવી અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી.

સ્પે. ખેલ મહાકુંભમાં પ્રકાશ વિદ્યાલયની વિદ્યાર્થીની ઝળકી

ગાંધીનગર, તા. ૨૪

દહેગામ તાલુકાના રખિયાલ મુકામે પ્રકાશ વિદ્યાલયના ધોરણ-૯ કમાં અભ્યાસ કરતી પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીની સુરેખાબેન રૂપસિંહ ઠાકોરે તાજેતરમાં ગાંધીનગર મુકામે આયોજિત દિવ્યાંગ ખેલાડીઓ માટેના સ્પેશિયલ ખેલ મહાકુંભમાં ભાગ લઈ લાંબી કૂદ સ્પર્ધામાં પ્રથમ, ૧૦૦ મીટર દોડમાં તૃતિય અને ગોળા ફેંકમાં તૃતિય સ્થાન પ્રાપ્ત કર્યુંયં હતું. કોચ તરીકે શ્રી નવજીવન સાર્વજનિક ઍજ્યુકેશન ટ્રસ્ટના વિશિષ્ટ શિક્ષક ચીનુભાઈ ભરવાડે ફરજ બજાવી હતી.

ડેઈલી કરંટ

દર્શન માડ
95862 87447

(૧) ભારત તરફથી અભિનેતા રાજકુમાર રાવની કઈ ફિલ્મ ઓસ્કાર એવોર્ડ માટે મોકલવામાં આવી છે ?
(એ) ટ્રેપ્ડ
(બી) અલીગઢ
(સી) ન્યૂટન
(ડી) આ પૈકી એકપણ નહીં

(૨) કયા દેશે સોશિયલ મીડિયા પર ઈસ્લામ વિરોધી શબ્દોનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ લાદ્યો છે ?
(એ) અમેરિકા (બી) ચીન
(સી) બ્રિટન (ડી) જાપાન

(૩) ભારતનું કયું રાજ્ય ઈલેક્ટ્રીક બસ ચલાવવાવાળું પ્રથમ રાજ્ય બન્યું છે ?
(એ) ઉત્તર પ્રદેશ (બી) પંજાબ
(સી) બિહાર (ડી) હિમાચલ પ્રદેશ

(૪) કયા પ્રોજેક્ટ અંતર્ગત તૈયાર થયેલી આઈએનએસ કલવરી સબમરીનનું નામ ટાઈગર શાર્ક પરથી રાખવામાં આવ્યું છે ?
(એ) પ્રોજેક્ટ-૭૫ (બી) પ્રોજેક્ટ-૭૮
(સી) પ્રોજેક્ટ-૧૦૧ (ડી) પ્રોજેક્ટ-૯૯૧

(૫) આંધ્રપ્રદેશને કયા વર્ષ સુધીમાં ઓડીએફ (ખુલ્લામાં શૌચ મુક્ત) જાહેર કરવામાં આવશે ?
(એ) ૨૦૧૭ (બી) ૨૦૧૮
(સી) ૨૦૨૦ (ડી) ૨૦૧૯

(૬) ભારતના કયા શહેરમાં કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રીએ ભારતીય વિમાન અકાદમી સંકુલનું ઉદઘાટન કર્યું છે ?
(એ) હૈદરાબાદ (બી) જયપુર
(સી) નવી દિલ્હી (ડી) મુંબઈ

(૭) ૨૦૧૭માં પરમાણુ હથિયારોપ ર પ્રતિબંધ લાદવા માટે કરવામાં આવેલી આંતરરાષ્ટ્રીય સંધિ પર કેટલા દેશોએ હસ્તાક્ષર કર્યા છે ?
(એ) ૫૫ (બી) ૬૦
(સી) ૫૦ (ડી) ૬૫

(૮) ભારતની પ્રથમ સચિવ ઈનમ ગંભીરે હાલમાં સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાનને શું કહી સંબોધન કર્યું હતું ?
(એ) નરક (બી) ટેરરિસ્તાન
(સી) નાપાક (ડી) દિવાલિયાદેશ

(૯) કયા દેશે વિશ્વની સૌથી ઝડપી બૂલેટ ટ્રેનનો પ્રારંભ કર્યો છે ?
(એ) જાપાન (બી) ચીન
(સી) રશિયા (ડી) અમેરિકા

(૧૦) રશિયામાં આયોજિત કિક બોક્સિંગ ચેમ્પિયનશીપમાં કઈ ભારતીય ખેલાડીએ ગોલ્ડ મેડલ જિત્યો હતો ?
(એ) રીમા નરવત (બી) રોમા સિંઘ
(સી) રીમા કોહલી (ડી) રીમા મુંડા